॥ श्रीउपदेशग्रंथावलि ॥

॥ अंक एकवीशमो* ॥

॥ मन तथा इंद्रियोने बोध ॥

મંગલાચરણ.

દોહરો.

સ્થાવરજંગમ સર્વનું, અધિષ્ઠાન ચૈતન્ય.
તે જ પરબ્રહ્મરૂપ છે, જીવ નહિ તેથી અન્ય. ૧.

લેખમાંના વિષયનું હેતુસહિત કથન.

દોહરા.

મન તથા ઇંદ્રિયતણી, સુદૃઢ સ્થિરતા થાય;

---

* શાકે ૧૮૨૪ આષાઢ શુદિ ૧૫.

મુમુક્ષુજનોના હિતાર્થે પ્રકટ કરનાર
ધર્મસિંહ ચાંપસિંહ બુદ્ધદેવ અને હીરાચંદ ચાંપસિંહ બુદ્ધદેવ.
માંગરોળ. કાઠિયાવાડ.

ત્યારે પ્રત્યગભિન્ન બ્રહ્મ, જિજ્ઞાસુને જણાય. ૧.
બુદ્ધિ જિજ્ઞાસુજનતણી, બોધ કરે જે રીત;
[illegible]ન ને ઇંદ્રિયને, તેનાં છે આ ગીત. ૨.

[illegible]નમતિ બોધ.

ભૈરવ.

જાગ હવે ઓ મનડા! પ્યારા, ઉંઘ અનાદિ છાંડીને;
આતમદેવ સમીપ વિરાજે, તેને જો દૃષ્ટિ માંડીને. જાગ હ૦ ૧.
અનંતકાલ સૂતું આ રીતે, કર્તવ્ય તારું ભૂલીને;
દારુણ દુઃખો સહન કર્યાં તેં, ખોટી રીતે ફૂલીને. જાગ હ૦ ૨.
ધનદારા[1] કોઇ કામ ન આવે, અંતકાલે નથી તારાં રે;
મૂરખ થઇને શામાટે તું, માનેછે મારાં મારાં રે. જાગ હ૦ ૩.
સમય જાય વાયુને વેગે, નિદ્રા દે ઝટ ત્યાગી રે;
મિથ્યા મમતા મૂકી દઇને, થા બ્રહ્મમાં અનુરાગી રે. જાગ હ૦ ૪.

૨.

ચાલ શીઘ્ર ઓ મનવાપંથી! દેશ તારો બહુ દૂરે રે;
પહોંચીશ ત્યાં તું રજનીપે'લાં, જો જઇશ પાણીને પૂરે રે. ચાલ શી૦ ૧.
રોકાઇશ માં જે તે જોવા, બાનું થાકનું ત્યજજે રે;
મારું કહેવું માન્ય કરીને, ઠેકાણે જઇ ઠરજે રે. ચાલ શી૦ ૨.
મારગ છે બહુ વાંકો ચુંકો, રખે પડ તેમાં ભૂલો રે;
ઉંડી ખાડમાં જઇ પડીશ તો, નિશ્ચે તું થઇશ લૂલો રે. ચાલ શી૦ ૩.
સાવધાન થઇ વેગે પળ તું, તૃષ્ણા સંદેહ ત્યાગી રે;

---

૧ જિજ્ઞાસુ સ્ત્રીની બુદ્ધિ ધનપુત્રો એવો પાઠ અંગીકાર કરેછે.

ભયરહિત પ્રદેશે પહોંચી, ત્યાં થાજે અનુરાગી રે. ત્યાગ શી૦ ૪.

ખમાચ.

ત્યજી દે વિષયો અસાર, હે મન ! ત્યજી દે વિષયો અસાર,
એમાં અંતે નથી કાંઇ સાર, હે મન ! ત્યજી૦ ટેક.

વિષયો છે બહુ બંધનકર્તા, જીવનું અહિત કરેછે એ અપાર. હે મન ! ત્ય૦ ૧.
તું કુસંસ્કારોને વશ થા માં, પ્રીતિથી ગ્રહણ કરી લે સુવિચાર. હે મન ! ત્ય૦ ૨.
સંભાર્યા તેં બહુ વિષયોને, તેથી ભોગવ્યું દુઃખ બહુ વાર. હે મન ! ત્ય૦ ૩.
ત્યજી તૃષ્ણા સંતોષ રાખ તું, વિષયોને કર છેલ્લા નમસ્કાર. હે મન ! ત્ય૦ ૪.

૨.

ભજી લે પ્રીતે ભગવાન, હે મન ! ભજી લે પ્રીતે ભગવાન,
તેથી પામીશ પદ તું મહાન, હે મન ! ભજી૦ ટેક.

ત્રિવિધ દુઃખો વિલાશે તેથી, પછી નહિ રહે અરતિનું[1] અભિધાન.[2] હે મન ! ભ૦ ૧.
શરીર સંબંધી દ્રવ્ય માનાદિ, એ સૌ છે અતિદુઃખનાં સ્થાન. હે મન ! ભ૦ ૨.
તારા મૂલભણી કર દૃષ્ટિ, જે છે આનંદ સત્ય ને જ્ઞાન. હે મન ! ભ૦ ૩.
વિનાસમજે વિષભક્ષણ કર માં, કર તું પ્રેમથી અમૃતરસ–પાન. હે મન ! ભ૦ ૪.

ગરબી.

સુખદાયક, રે સુખદાયક, છે બ્રહ્મનું નામ, મન ! તેને દૃઢ ધારજે, સુખ૦ ટેક.
દુઃખદાતા, રે દુઃખદાતા, છે વિષયો તમામ, તેઓને તું વિસારજે. સુખ૦ ૧.
શ્વાસોચ્છ્વાસે, રે શ્વાસોચ્છ્વાસે, જપે ૐ અભિરામ, એમ વાણીને સમજાવજે. સુ૦ ૨.
કનકકાંતા,[3] રે કનકકાંતા, છે દુઃખનાં ઠામ, તેની તૃષ્ણા તું ત્યાગજે. સુખ૦ ૩.

---

૧ વ્યાકુલતાનું. ૨ નામ. ૩ જિજ્ઞાસુ સ્ત્રીની બુદ્ધિ કનકકીર્તિ એવો પાઠ અંગીકાર કરેછે.

અતિઅનુપમ, રે અતિઅનુપમ,જે બ્રહ્મનું ધામ,તેમાં વૃત્તિને ડુબાવજે. સુખ૦ ૪.

૨.

બ્રહ્મસંયમ,[1] રે બ્રહ્મસંયમ, કર રાખીને પ્રીત, તેથી જ્ઞાન પમાયછે, બ્રહ્મ૦ ટેક.
જ્ઞાનોદયથી, રે જ્ઞાનોદયથી, તેનાથી વિપરીત, તે અજ્ઞાન વિલાયછે. બ્રહ્મ૦ ૧.
અજ્ઞાનનાશે, રે અજ્ઞાનનાશે,જે હુંપણાની પ્રતીત,તે અસ્મિતા છેદાયછે. બ્રહ્મ૦ ૨.
તેના વિલયે, રે તેના વિલયે, રાગદ્વેષ ખચીત, તિરોહિત થઇ જાયછે. બ્રહ્મ૦ ૩.
એના નાશે, રે એના નાશે, અભિનિવેશ અજિત,અતિપરાજિત થાયછે. બ્રહ્મ૦ ૪.

ગરબી.

મન! તું રમ બ્રહ્મમાં પ્રીતે રે, ત્યાગ પ્રમાદ સારીરીતે, મન ! તું રમ૦ ટેક.
માનસરોવરને[2] તું ત્યજ માં રે, કીચવાળા છીલરને[3] ન ભજ માં રે,
સામગ્રી તું દુઃખની ન સજ માં. મન ! તું રમ૦ ૧.
કરવાયોગ્ય સાધન તું કરજે રે, ત્યજવાયોગ્યને પ્રીતે ત્યજજે રે,
એમ સાવધ થઈ ઉદ્ધરજે. મન ! તું રમ૦ ૨.
નામરૂપરહિત જે પદ છે રે, જ્યાં જન્મમરણનો ન ભય છે રે,
એકરસ આનંદનું એ ઘર છે. મન ! તું રમ૦ ૩.
આળસ અશ્રદ્ધા દે છોડી રે, માન મત્સરને નાંખ મોડી રે,
હવે વેળા રહી છે થોડી. મન ! તું રમ૦ ૪.

૨.

ઉડી જા મનપંખીડા ! પ્યારા રે, દિન અલ્પ રહ્યો નિરધારા,[4] ઉડી જા૦ ટેક.
નથી રહેવામાં સાર જરાયે રે, મિથ્યા ફ્લથી ન પેટ ભરાયે રે,
ઝટ પહોંચ માળે સુખ થાયે. ઉડી જા મન૦ ૧.

---

૧ બ્રહ્મમાં ધારણા, ધ્યાન, ને સમાધિ. ૨ બ્રહ્મરૂપ માનસસરોવરને.
૩ સંસારરૂપ ખાબોચિયાને. ૪ નિશ્ચય,

અતિ અંધકાર ફેલાશે જ્યારે રે, ઉડવાનું નહિ ફાવે ત્યારે રે,
બહુ શુભ સમય છે અત્યારે. ઉડી જા મન૦ ૨.
આ અરણ્ય ભયંકર ભારે રે, વ્યાધ બહુ જીવને[1] અહિં મારે રે,
જા ગગનમંદિર ઘર તારે. ઉડી જા મન૦ ૩.
હજી માન કહ્યું તું મારું રે, ઉડી જાવામાં હિત છે તારું રે,
રે'વાથી છે પરિણામ નઠારું. ઉડી જા મન૦ ૪.

નટ.

હે મનભમરા ! બહુવિકટ છે આ વનરા[2], હે મન૦ ટેક.
વિષવલ્લીથી સાવધ રહેજે, નહિ તો પડીશ મરવા;
પછી બહુ પસ્તાઇશ તોપણ, નહિ પામીશ ઊગરવા. હે મન૦ ૧.
બાવળ બોરડી ખેરથી બીજે, ન ગણજે તેને ડમરા;
કાંટે પાંખ ચીરાશે તારી, કટકા થાશે તનના. હે મન૦ ૨.
પળે પળે તું સાવધ રહીને, ન જાજે દવમાં ફરવા;
ભૂલ કરી જો જઇશ ત્યાં તો, લાગીશ તાપથી બળવા. હે મન૦ ૩.
ઝટ તું નીકળી જાને અહિંથી, મેલ મનોરથ નરસા;
શાંતિસ્થલમાં વાસ કરી તું, છીપાવ[3] તારી તરષા.[4] હે મન૦ ૪.

૨.

ત્યજ મન! આશા, ગ્રહી લે સુખદ નિરાશા, ત્યજ મ૦ ટેક.
આશા દાસીને વશ વર્તે, તે સૌ જગના દાસો;
આશાને જે વશ વર્તાવે, તે જગપતિ છે ખાસો. ત્યજ મ૦ ૧.
જ્યારે પૈની ઇચ્છા ઉપજે, ત્યારે પૈનો થાયે;
પૈની ઇચ્છા ત્યાગ કરે તો, પૈસાદાર કે'વાયે. ત્યજ મ૦ ૨.

---

૧ પ્રાણિઓને. ૨ વૃક્ષોની લાંબી હાર-સંસારરૂપ વન. ૩ મટાડ. ૪ તરષ.

વિષયોની તૃષ્ણાએ નિશ્ચે, તેનો દાસ ગણાયે;
નિઃસ્પૃહ જે સર્વે વિષયોમાં, તે જ ધીમાન્ મનાયે. ત્યજ મ૦ ૩.
રાંક થઇ ન ભજ વિષયોને, સ્મર આનંદઘન સ્વામી;
બ્રહ્મસ્વરૂપમાં સ્થિતિ કરી, થા આત્મારામ અકામી. ત્યજ મ૦ ૪.

પૂર્વી.

હે મન ! જ્ઞાનનાં સાધન વીશ, હે મન ! જ્ઞાન૦ ટેક.
ગીતામાં અધ્યાય તેરમે, કથન કર્યાં શ્રીઇશ;
ધારણ કર તેને તું પ્રીતે, તેથી સુખી થઇશ. હે મન ! જ્ઞાન૦ ૧.
અમાનિત્વ અદંભિત્વ અહિંસા, ક્ષમા આર્જવ એ પાંચ;
આચાર્યસેવા શૌચ સ્થૈર્ય વળી, મનનિગ્રહ વૈરાગ્ય. હે મન ! જ્ઞાન૦ ૨.
અહંકારરહિતતા ને સમચિત્તતા, પુત્રાદિમાં રાગાભાવ;
જન્માદિનાં દુઃખદોષો જોવાં, પ્રભુમાં અનન્યભાવ. હે મન ! જ્ઞાન૦ ૩.
સુતાદિમાં ન રાખવી અહંતા, વસવું દેશ એકાંત;
વિષયિજનની સંગત ત્યજવી, નિષ્ઠા રાખવી જ્ઞાન. હે મન ! જ્ઞાન૦ ૪.
તત્ત્વજ્ઞાનનું ફલ જે મોક્ષ છે, તેનો કરવો વિચાર;
સાધન વીશ કરે સંપાદન, પામે ભવનો પાર. હે મન ! જ્ઞાન૦ ૫.

૨.

હે મન ! આંતરશત્રુને ત્યાગ, હે મન ! આં૦ ટેક.
મહાવૈરી આ કામ છે તારો, તને કરે બહુ દીન;
તારા શમાદિને હણી નાંખે, કરી ચંચલ મલિન. હે મન ! આં૦ ૧.
ક્રોધ તપાવે નિશદિન તુજને, તેનો કર તું નાશ;
લોભઠગને ઓળખી લઇને, ત્યજજે દ્રવ્યની આશ. હે મન ! આં૦ ૨.
મોહ તથા મદ રિપુ છે તારા, અધોગતિ આપનાર;

વિવેકવિનયથી હણજે તેને, ધરી ઉત્સાહ અપાર. હે મન! આં૦ ૩.
મત્સર દંભ તથા ભય ત્યજજે, વિચારી આત્મસ્વરૂપ;
અવિચલ શાંતિ પામીશ તેથી, નહિ ડુબીશ ભવકૂપ. હે મન! આં૦ ૪.

આશાવરી.

સ્થિતિ કર બ્રહ્મસ્વરૂપે, મન! સ્થિતિ કર બ્રહ્મસ્વરૂપે;
પામીશ પરમાનંદને તેથી, બુડીશ નહિ દુઃખકૂપે, મન! સ્થિ૦ ટેક.
ત્રણ શરીરમાંથી ત્યજ મમતા, તેથી જ્વર ત્રણ જાશે;
પંચકોશને પાર જ રહેતાં, સર્વે દુઃખ વિલાશે. મન! સ્થિ૦ ૧.
દશ્યપ્રપંચને મિથ્યા જાણી, સર્વદા દ્રષ્ટા રહેજે;
પ્રિયાપ્રિયને સમ ગણીને, સમતાનું સુખ લેજે. મન! સ્થિ૦ ૨.
સ્ત્રીચિંતનને[1] મૂકી દે તું, દ્રવ્યચિંતન કર દૂરે;
માનાદિની તૃષ્ણા ત્યજીને, વહે આનંદને પૂરે. મન! સ્થિ૦ ૩.
ભટક માં તું પિશાચનીપેઠે, એ ટેવને દે ત્યાગી;
પરમ પવિત્ર નિજાનંદમાં, થા તું ઝટ અનુરાગી. મન! સ્થિ૦ ૪.

૨.

કુચેષ્ટા કરે કેમ એવી? મન! કુચેષ્ટા કરે કેમ એવી?
શીખામણ દીધે સમજે નહિ, હવે શી શીખામણ દેવી? મન! કુ૦ ટેક.
ક્ષણ ક્ષણ તું વિષયોમાં ભટકે, લેશ લજ્જા નહિ તારે;
અંધકૂપજેવા આ વિષયો, તેમાં કેમ કૂદકા મારે? મન! કુ૦ ૧.
ઘડીક ભૂતવિષયોમાં ભટકે, ઘડીક ભવિષ્યભણી ધાવે;
રાંકનીપેઠે રઝળતાં તને, કેમ શરમ કાંઇ ના'વે? મન! કુ૦ ૨.
આજસુધી વિષયાનુભવથી, નથી તૃપ્તિ તું પામ્યું;

---

૧. જિજ્ઞાસુ સ્ત્રીની બુદ્ધિ વિષયેચ્છાને એવો પાઠ સ્વીકારેછે.

છતાં કેમ તું મૂરખ થઇને, ત્યાંનું ત્યાં જ વિરામ્યું? મન! કુ૦ ૩.
છોડ હવે તું મૂર્ખતા તારી, હિતઅહિત લે વિચારી;
હિતમાં સર્વદા સ્થિત થઇને, અહિતને દે નિવારી. મન! કુ૦ ૪.

ગરબી.

તું નિશદિન કેમ ભટક્યા કરે ? મન! ઘેલા રે,
કાંઇક સમજણ ઉરમાં રાખ, ઉરના મેલા! રે;
મર્કટની ઉપમા પામ માં, મન! ઘેલા રે,
થઈ શાંત નિજાનંદ ચાખ, ઉરના મેલા! રે. ૧.
કાચસારુ ચિંતામણિ ત્યાગ માં, મન! ઘેલા રે,
અમૃત ત્યજી ન કર વિષપાન, ઉરના મેલા! રે;
ધનાઢ્ય મટી રંક થઇશ માં, મન! ઘેલા રે,
ત્યજી દેજે મિથ્યા તાન, ઉરના મેલા! રે. ૨.
દુઃખદાતા સુખમાં રાચ માં, મન! ઘેલા રે,
એથી અંતે હાનિ અપાર, ઉરના મેલા! રે;
એકરસ સુખમાં રહે સર્વદા, મન! ઘેલા રે,
એ સુખ છે સૌથી સાર, ઉરના મેલા! રે. ૩.
મીઠા સાગરમાં તરખ્યું રહે, મન! ઘેલા રે,
તે તારી મૂર્ખતા કહેવાય, ઉરના મેલા! રે;
હવે મિથ્યાતૃષ્ણાને ત્યાગજે, મન! ઘેલા રે,
જેથી સર્વે તાપ વિલાય, ઉરના મેલા! રે. ૪.

૨.

તું પ્રભુમાં પ્રીતિ રાખજે, મતવાલા! રે,
તેથી પામીશ ભવનો પાર, સમજ મન! વાલા રે;

તારા મૂલમાં જે તેજ છે, મતવાલા! રે,
તેમાં સુદઢ સ્થિરતા ધાર, સમજ મન! વાલા રે. ૧.
દીર્ઘસૂત્રતા અશ્રદ્ધા ત્યાગજે, મતવાલા! રે,
પ્રમાદઆળસમાં નથી સાર, સમજ મન! વાલા રે;
છલકૂડકપટ નથી કામનાં, મતવાલા! રે,
મેલી દેજે સર્વ વિકાર, સમજ મન! વાલા રે. ૨.
પાપથી અભ્યુદય નહિ થશે, મતવાલા! રે,
તેમ કૃતાર્થ નહિ થવાય, સમજ મન! વાલા રે;
ખોટી ગાંઠો છોડી નાંખજે, મતવાલા! રે,
પરમપદ જેથી પમાય, સમજ મન! વાલા રે. ૩.
વિવેક વૈરાગ્ય ઉર ધારજે, મતવાલા! રે,
ષટ્સંપત્તિ મોક્ષેચ્છા સાર, સમજ મન! વાલા રે;
શ્રવણ મનન કરજે સદા, મતવાલા! રે,
નિદિધ્યાસથી પામીશ પાર, સમજ મન! વાલા રે. ૪.

ગરબી.

મનડા! તારા ચાળા મુજને કડવા લાગેછે,
કડવા લાગેછે, મુજને નરસા લાગેછે, મનડા! તારા૦ ટેક.
વિષયોભણી હડી કાઢેછે, કરી નિશ્ચયનો ત્યાગ;
સારું ત્યજી માઠાપર બેસે, જેવો મૂરખ કાગ. મનડા! તા૦ ૧.
વિષયોપ્રતિ ઇંદ્રિયોને ઠેલે, કાં પોતે પાછળ જાય;
ખરા સુખને મૂકી દઇને, ખોટામાં લલચાય. મનડા! તા૦ ૨.
કુવિચાર કરી પસ્તાછ[1] તોપણ, કરેછ[2] તેમાં પ્રીત;

૧ પસ્તાયછે. ૨ કરેછે.

વળકવળનું ભાન તને નહિ, તારી ઊલટી રીત. મનડા! તા૦ ૩.
આવું વર્તન ક્યાં લગી રાખીશ? ઉત્તર સાચો આપ;
હવે નહિ સુધરીશ તો નિશ્ચે, પામીશ બહુ પરિતાપ. મનડા! તા૦ ૪.

૨.

વિષયનું ચિંતન તુજને વા'લું લાગેછે,
વા'લું લાગેછે, તુજને પ્યારું લાગેછે, વિષય૦ ટેક.
બ્રહ્મતણા ચિંતનનું કહું તો, લાગે કડવું ઝેર;
અતિઅધમ વિષયો બહુ ભાવે, તેમાં લેશ ન ફેર. વિષય૦ ૧.
પરિણામને ભૂલી જઈને, ભટકછ[1] બહુ હેવાન!
અભ્યુદય શ્રેયસ્‌ને છાંડી, ધરછ[2] અહિતનું ધ્યાન. વિષય૦ ૨.
અતિસમીપ જે સત્યસુખ છે, તેમાં રહુછ[3] ઉદાસ;
અતિદુ:ખને સુખ માની લઇ, તેમાં થાછ[4] હુલાસ. વિષય૦ ૩.
ધન દારા[5] ને પુત્રાદિમાં, નિશદિન તું ગુલતાન;
રોવરાવશે એ સૌ તુજને, તેનું તને ન ભાન. વિષય૦ ૪.

નેત્રપ્રતિ બોધ.

ગરબી.

નેત્ર! તારી ચપલતા ત્યજજે, બ્રહ્મરૂપ સર્વત્ર નિરખજે, નેત્ર! તા૦ ટેક.
સ્ત્રીમુખભણી[6] તું દોડીશ માં, અન્ય અંગોમાં વૃત્તિ જોડીશ માં,
પરબ્રહ્મથી પ્રીતિ ત્રોડીશ માં. નેત્ર! તા૦ ૧.

---

૧ ભટકેછે. ૨ ધરેછે. ૩ રહેછે. ૪ થાયછે. ૫ જિજ્ઞાસુ સ્ત્રીની બુદ્ધિ પુત્રી એવો પાઠ સ્વીકારેછે. ૬ જિજ્ઞાસુ સ્ત્રીની બુદ્ધિ નરમુખભણી એવો પાઠ અંગીકાર કરેછે.

વિવિધ વસ્ત્રો જોવા નહિ જાજે, અલંકારભણી નહિ તું ધાજે,
દ્રવ્યચળકાટથી નહિ અંજાજે. નેત્ર ! તા૦ ૨.
રૂપવંત બાલ બાલા ભાળી, નહિ રહેજે પ્રીતે તેને નિહાળી,
ન ત્યજ તું પ્રણવચ્છી રદિયાળી. નેત્ર ! તા૦ ૩.
પ્રાસાદ હવેલીને પેખી, અન્ય રૂડી સામગ્રી દેખી,
ભાગજે ભય તેથી લેખી. નેત્ર ! તા૦ ૪.
ગજ અશ્વ તથા ગાડી જોવા, અન્ય આકારે થઇને પત ખોવા,
લાગ માં પુણ્યકરમ ધોવા. નેત્ર ! તા૦ ૫.
બહુવિધ રૂપો તેં જોયાં, એમ વર્તતાં વર્ષ ઘણાં ખોયાં,
કુસંસ્કારરૂપી બી બોયાં. નેત્ર ! તા૦ ૬.
હજી તૃપ્તિ નથી તુજને થાતી, રૂપ જોયાની તૃષ્ણા નથી જાતી,
તારા ઉરમાં છે મોટી કાની. નેત્ર ! તા૦ ૭.
મર્કટની ચેષ્ટા દે ત્યાગી, બ્રહ્મદર્શનમાં થા અનુરાગી,
અસુરાંશ જાશે એથી ભાગી. નેત્ર ! તા૦ ૮.

વાણીપ્રતિ બોધ.

ગરબી.

પાપનું કામ, અસુરાંશનું ધામ, વાણી ! તું ત્યજ આ પાપનું કામ. ટેક.
મિથ્યાભાષણમાં દોષો ઘણા છે, માટે કરી દેજે તેને હરામ. વાણી ! તું૦ ૧.
ભયથી અસત્ય વદજે નહિ ક્યારે, તેમ જ કીર્તિદામનેમાટ. વાણી ! તું૦ ૨.
કટુવચન નહિ કહેજે કોઇને, ન બોલાવ કોઇને તોછડે નામ. વાણી ! તું૦ ૩.
જે અહિતકર બોલવાની પ્રવૃત્તિ, તે ત્યજી દેજે આજથી તમામ. વાણી ! તું૦ ૪.
અટ્ટહાસ્યયુક્ત ભાષણ નહિ કરજે, મર્મવચન છે અધર્મનું ધામ. વાણી ! તું૦ ૫.
નકામો અક્ષર એક ઉચ્ચરીશ માં, વશ થઇશ માં લોભક્રોધકામ. વાણી ! તું૦ ૬.

જીવની તું પ્રતિનિધિ ગણાયછે, ઇચ્છજે હિત તેનું આઠે જામ. વાણી ! તું૦ ૭.
ઉંડાણમાં પણ જે તે બકીશ માં,લેજે પ્રભુના નામમાં આરામ. વાણી ! તું૦ ૮.

જીભપ્રતિ બોધ.

ગરબી.

જીભ ! સાંભળ આ શીખામણ સાચી રે સાહેલી !
તું રસમાં કેમ રહી રાચી ? મારી સાહેલી ! ૧.
તીખું તમતમું તને બહુ ભાવે રે સાહેલી !
જેથી આળસનિદ્રાદિ અતિ આવે મારી સાહેલી ! ૨.
ખાટું તથા મધુર પ્રિય લાગે રે સાહેલી !
તવ મિતાહારનિયમ તું ત્યાગે મારી સાહેલી ! ૩.
અત્યાહારે ઇંદ્રિયો ચંચલ થાશે રે સાહેલી !
પ્રાણ મન પણ પ્રકોપ પામી જાશે મારી સાહેલી ! ૪.
એવી સ્થિતિએ સાધન નહિ સધાશે રે સાહેલી !
બલથી સાધન કરતાં વ્યાધિ થાશે મારી સાહેલી ! ૫.
અફીણ ભાંગ સુરા નવ લેજે રે સાહેલી !
મદ્ય લસણ પ્લાંડુ ત્યજી દેજે મારી સાહેલી ! ૬.
બીડી હોકો તથા ચલમ ન પીજે રે સાહેલી !
ચરસ તથા ગાંજાથી બહુ બીજે મારી સાહેલી ! ૭.
જીવનું હિત ઇચ્છી રસતૃષ્ણા ત્યજજે રે સાહેલી !
હવે ભોજનપાન પથ્યમિત કરજે મારી સાહેલી ! ૮.

શ્રોત્રપ્રતિ બોધ.

ગરબી.

રે શ્રવણ ! શીખામણ સુણ સારી, આ વાતને લેજે ઉર ધારી, રે શ્ર૦ ટેક.

રે ગુરુનિંદા નહિ સાંભળજે, રે દેવનિંદાશ્રવણ ત્યજજે,
મિત્રનિંદાશ્રવણથી ઊગરજે. રે શ્રવણ ! શીખા૦ ૧.
રે નિરર્થક વાત નહિ સુણજે, રે વિષયની વાતથી ન ધુણજે,
એવાં વિષમ વિષોને પરિહરજે. રે શ્રવણ ! શીખા૦ ૨.
રે આત્મશ્લાઘા નહિ સાંભળવી, રે પરનિંદામાં ન રતિ ધરવી,
સૌ પાપની વૃત્તિ પરિહરવી. રે શ્રવણ ! શીખા૦ ૩.
રે અયોગ્ય શ્રવણને દે ત્યાગી, રે થઇશ માં તેમાં અનુરાગી,
આ વચન સુણી ઝટ જા જાગી. રે શ્રવણ ! શીખા૦ ૪.
રે ગુરુમહિમા તું સાંભળજે, રે પ્રભુયશને ઉરમાં ધરજે,
તું શાસ્ત્રશ્રવણ નિત્યે કરજે. રે શ્રવણ ! શીખા૦ ૫.

ત્વચાપ્રતિ ઉપદેશ.

ગરબી.

ત્વચા ! હવે થા શાણી, તૃષ્ણા ત્યજી ત્વચા હવે થા શાણી;
સુણી મારી વિવેકમય વાણી, તૃષ્ણા ત્યજી ત્વચા હવે થા શાણી. ટેક.
બંધક સ્પર્શની તૃષ્ણા ત્યજી દેજે રે, ન જજે તેભણી તણાણી; તૃષ્ણા ત્ય૦
ચિત્તશુદ્ધિ કરનારા સ્પર્શ કરીને રે, શાંત થઇને રાખ પાણી. તૃષ્ણા ત્ય૦ ૧.
ગાંડી થઇને જે તે ચાહીશ માં રે, તેઓને દુઃખરૂપ પ્રમાણી; તૃષ્ણા ત્ય૦
વારેવારે બહુ સ્પર્શ અનુભવિયા રે, તોએ નથી તું ધરાણી. તૃષ્ણા ત્ય૦ ૨.
કુસંસ્કાર પાડનારા સ્પર્શ ઇચ્છીને રે, તું ગાંડામાંહે ગણાણી; તૃષ્ણા ત્ય૦
સાવધ થઇ હવે તારી વૃત્તિને રે, રાખજે તું બહુ તાણી. તૃષ્ણા ત્ય૦ ૩.
કુવેગને અતિ અધીન થઇને રે, ધર્મને કરીશ માં ધૂળધાણી; તૃષ્ણા ત્ય૦
ક્ષણિકસુખસારુ દુઃખ વોરીશ માં રે, રેંજે આતમસ્પર્શથી ધરાણી. તૃ૦ ૪.

નાસિકાને સુબોધ.

ગરબી.

સુણ ઘ્રાણ ! શીખામણ કામની રે, જેમાં જીવનું હિત છે અપાર,
બહુ વિવેકે વિશ્વમાં વર્તજે રે;
ચંદન અત્તર ને પુષ્પ સોહામણાં રે, બહુ સુગંધમય તેલ સાર. બહુ વિ૦ ૧.
તે વિષયિજીવોએ હોય વાપર્યાં રે, નહિ કરજે તેનો સ્વીકાર; બહુ વિ૦
ગુરુ દેવ ને સંતની પ્રસાદીતણો રે, ભલે કર તું અંગીકાર. બહુ વિ૦ ૨.
સુગંધની તૃષ્ણાને વશ થઇશ માં રે, દુર્ગંધથી ભય નહિ પામ; બહુ વિ૦
તમાકુનું વ્યસન તું કરીશ માં રે, છે મલિનતાનું એ કામ. બહુ વિ૦ ૩.
શુભ પરમાણુ વામાંથી ખેંચજે રે, અશુભતણો તું કરજે ત્યાગ; બહુ વિ૦
દિવ્યગંધથી મગન રહેજે સર્વદા રે, અનુચિતમાં ન રાખજે રાગ. બહુ વિ૦ ૪.

હાથપ્રતિ બોધ.

પરજ.

પાપની વાટે, પાપની વાટે, હાથ ! ન જાતું પાપની રે વાટે. ટેક.
હિંસા ચોરી કુસ્પર્શ કરવાં નહિ ક્યારે, નિયમ એ રાખવા શિરસાટે. હાથ ન૦ ૧.
માર મારવો નહિ કોઇપણ પ્રાણીને, મિથ્યા ન લખવું ધનાદિમાટે. હાથ ન૦ ૨.
ભૂપર અક્ષરચિત્રાદિ નહિ કરવાં, કુચેષ્ટા કરવી નહિ વાટે ઘાટે. હાથ ન૦ ૩.
તૃણાદિ ત્રોડવાની પ્રવૃત્તિ નહિ કરવી, કરવું શુભકર્મ જીવનેમાટે. હાથ ન૦ ૪.

સોરઠો.

ગુરુજનસેવા દાન, તે પ્રીતે કરજે સદા;
જનહિતનું જે કામ, તેમાં પણ રુચિ રાખજે. ૧.

પગપ્રતિ પ્રબોધ.

ચોપાઈ.

પગ ! સુશિક્ષા સાંભળજે આજ, જેથી સુધરે જીવનું કાજ;
કુકર્મ કરવા ન ડગ માંડીશ, ચપલ થઇ ન ધૈર્ય છાંડીશ. ૧.
લાત કોઇને નહિ મારીશ, થર થર ધ્રુજ પણ નહિ ધારીશ;
ગુરુજનસમીપ દીર્ઘ ન થઇશ, પ્રૌઢપાદાસન નહિ કરીશ. ૨.
આસનરૂપે રે'જે સ્થિર, દુઃખસહનમાં થાજે ધીર;
પુણ્યકર્મમાં ધરજે રાગ, પાપકર્મનો કરજે ત્યાગ. ૩.

॥ ૐ ॥

૧૨	શ્રીપ્રણવવિસ્તારપટ્ટ.		,, ૦-૨-૬
૧૩	શ્રીસ્વાભાવિકધર્મ.	બીજી આવૃત્તિ.	નથી.
૧૪	શ્રીમનુષ્યમિત્ર.		નથી.
૧૫	શ્રીઉપદેશગ્રંથાવલિ.	અંક ૧ થી ૧૦ સુધીનું એકઠું પુસ્તક.	રૂ.૦-૪-૦
	,,	અંક ૧૧ થી ૨૧ સુધી છૂટા.	વિનામૂલ્યે.
૧૬	શ્રીયજુર્વેદીયસંધ્યાહ્નિનિત્યકર્મ.	પંદરમી આવૃત્તિ.	વિનામૂલ્યે.
૧૭	શ્રીઋગ્વેદીયસંધ્યાદિનિત્યકર્મ.	ચોથી ,,	,,
૧૮	શ્રીસામવેદીયસંધ્યાદિનિત્યકર્મ.	ત્રીજી ,,	,,
૧૯	શ્રીઅથર્વવેદીયસંધ્યાદિનિત્યકર્મ.	,, ,,	,,
૨૦	શ્રીઋગ્વેદીય આહ્નિકપ્રકાશ.	ચોથી ,,	,,
૨૧	શ્રીસામવેદીય આહ્નિકપ્રકાશ.	પાંચમી ,,	,,
૨૨	શ્રીઅથર્વવેદીય આહ્નિકપ્રકાશ.	બીજી ,,	,,
૨૩	શ્રીઆશૌચવિવેક.		,,
૨૪	ચારવેદની લઘુસંધ્યા.	સોળમી આવૃત્તિ.	,,
૨૫	,, ટુંકીસંધ્યા.		,,
૨૬	ચારેવેદનો લઘુવૈશ્વદેવ.	ત્રીજી આવૃત્તિ.	,,
૨૭	હિંદિભાષામાં, ચારેવેદની લઘુસંધ્યા, શિવપૂજન, ને વૈશ્વદેવ.		,,
૨૮	,, શૂદ્રોનેમાટે સૂર્યોપાસન, શિવપૂજન, ને વૈશ્વદેવ.		,,
૨૯	,, સ્ત્રીઓનેમાટે ,, ને શિવપૂજન.		,,
૩૦	શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, સરલાટીકાસહિત.	મુદ્રાંકિત થશે.	
૩૧	શ્રીસુબોધકલ્પલતા.	,, ,,	
૩૨	શ્રીસદુપદેશદિવાકર.	,, ,,	

ઉપર દર્શાવેલાં પુસ્તકાદિ નીચેનાં સ્થલોપર તથા તે પુસ્તકો પ્રકટ કરનારાઓપાસેથી મળી શકશેઃ—

આનંદજી વહાલજી રાજ્યગુરુ. પોરબંદર.

શંકરપ્રસાદ જયશંકર વ્યાસ. બીલખા.

"નિર્મળ" પ્રિન્ટીંગ પ્રેસ, મદનગોપાળની હવેલી—**અમદાવાદ.**